



## વડોદરામાં અઢી સદીથી જળવાય છે કોમી એકતાની મિસાલ

# બહુચરાજી મંદિરે તાજિયાને ઠંડા કરાયા

**મહારાજા સયાજીરાવના** સમયથી અખંડ ચાલતી પરંપરા,મંદિરમાં ગુલાબજળ-અત્તરથી વિધિ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.25
સંસ્કારી નગરી વડોદરા છેલ્લા અઢી સદીથી વધુ સમયથી કોમી એકતા અને ધાર્મિક સૌહાર્દની અનોખી પરંપરા નિભાવી રહી છે. મુહર્રમ નિમિત્તે નાગરવાડા વિસ્તારના હકીમવાડાના તાજિયાને બહુચરાજી માતાના મંદિર ખાતે વિશેષ વિધિથી ઠંડક આપવામાં આવે છે, જે શહેરની ગંગા-જમુની સંસ્કૃતિનું જીવંત પ્રતિક છે. મુહર્રમના પાવન પ્રસંગે હકીમવાડામાંથી નીકળતા તાજિયાને બહુચરાજી માતાના મંદિર ખાતે લાવવામાં આવે છે. અહીં મંદિરના મહંત દ્વારા પવિત્ર જળ, ગુલાબની પાંખડીઓ અને અત્તર અર્પણ કરી તાજિયાને ઠંડક આપવામાં આવે છે. ત્યારબાદ શ્રીફળનો ભોગ ધરાવી ધાર્મિક વિધિ પૂર્ણ કરવામાં આવે છે. આ વિધિ બાદ તાજિયાને પરંપરાગત રીતે સરસિયા તળાવ તરફ લઈ જવામાં આવે છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમયથી શરૂ થયેલી આ પરંપરા આજે પણ અખંડિત રીતે જળવાઈ રહી છે. વડોદરાની આ અનોખી પરંપરા માત્ર ધાર્મિક વિધિ પૂરતી સીમિત નથી, પરંતુ હિન્દુ અને મુસ્લિમ સમાજ વચ્ચેના પરસ્પર વિશ્વાસ, ભાઈચારા અને કોમી એકતાનું સુંદર ઉદાહરણ છે. દર વર્ષે મોટી સંખ્યામાં બંને સમાજના લોકો આ પ્રસંગે જોડાઈ એકતા અને સૌહાર્દનો સંદેશ આપે છે. વડોદરાની ગંગા-જમુની સંસ્કૃતિને જીવંત રાખતી આ પરંપરા આજે પણ સમગ્ર દેશ માટે ધાર્મિક સહિષ્ણુતા અને સામાજિક સમરસતાનું પ્રેરણાદાયી પ્રતિક બની રહી છે.

## એ ડિવિઝન પોલીસ મથકે મુસ્લિમ સમાજની રજૂઆત

# અંકલેશ્વરમાં મોહરમની ઉજવણીને લઈ સમયમર્યાદા મુદ્દે ભારે વિવાદ

( પ્રતિનિધિ ) અંકલેશ્વર,તા.26
અંકલેશ્વરમાં મોહરમ પર્વની પૂર્વરાત્રીએ તાજીયાના જુલૂસ માટે આપવામાં આવેલી સમયમર્યાદાને લઈને વિવાદ સર્જાયો હતો. તહેવારની ઉજવણી માટે તંત્ર દ્વારા પૂરતો સમય ફાળવવામાં આવ્યો ન હોવાના આક્ષેપ સાથે આજરોજ મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકોએ ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. જોકે, પોલીસ અધિકારીઓ અને તાજીયા કમિટીના આગેવાનો વચ્ચે યોજાયેલી ચર્ચા બાદ બંને પક્ષો વચ્ચે સમજૂતી થતાં સમગ્ર મામલો શાંતિપૂર્ણ રીતે થાળે પડ્યો હતો. મળતી માહિતી અનુસાર, મોહરમ પર્વ નિમિત્તે ગત રાત્રે અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાંથી તાજીયાના જુલૂસ નીકળ્યા હતા. તંત્ર દ્વારા રાત્રે આશરે 10.30 વાગ્યાથી જુલૂસ માટે પરવાનગી આપવામાં આવી હતી. જોકે કેટલાક વિસ્તારોમાં તાજીયા નિયત સમય કરતા મોડા નીકળતા સમગ્ર કાર્યક્રમના સમયપત્રકમાં વિલંબ થયો હતો. આ દરમિયાન અંતરનાથ મંદિર નજીક પહોંચેલા એક તાજીયા જુલૂસને થોડા સમય માટે રોકવામાં આવ્યો હતો. સ્થાનિક મુસ્લિમ આગેવાનો અને પોલીસ અધિકારીઓ વચ્ચે જુલૂસને આગળ વધારવા અંગે ચર્ચા ચાલી રહી હતી. સમાજના આગેવાનો દ્વારા વધુ સમય આપવા માંગ કરવામાં આવી હતી, જ્યારે પોલીસ તંત્ર સમગ્ર પ્રક્રિયા પૂર્વનિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે બાબતે આગ્રહી હતુ. આ મુદ્દે થોડો સમય તંગદિલી અને ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી. વિવાદ બાદ આજરોજ મુસ્લિમ સમાજના મોટી સંખ્યામાં લોકો એ ડિવિઝન પોલીસ મથકે એકત્રિત થયા હતા. સમાજના પ્રતિનિધિઓએ પોલીસ સમક્ષ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે મોહરમ જેવા ધાર્મિક પર્વની ઉજવણી માટે પૂરતો સમય આપવામાં આવ્યો ન હોવાથી શ્રદ્ધાળુઓમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. તેમણે ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે યોગ્ય આયોજન અને સમય ફાળવણી કરવાની માંગ કરી હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્રે તાજીયા કમિટીના સભ્યો અને સમાજના આગેવાનો સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન બંને પક્ષોએ પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. પોલીસ અધિકારીઓએ સમગ્ર ઘટનાક્રમ અંગે સ્પષ્ટતા કરતા કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી સમયમર્યાદાનું પાલન જરૂરી હોવાનુ જણાવ્યુ હતુ, જ્યારે સમાજના આગેવાનોએ ધાર્મિક પરંપરાઓને અનુરૂપ પૂરતો સમય મળવો જોઈએ તેવી રજૂઆત કરી હતી. ચર્ચા બાદ બંને પક્ષો વચ્ચે ગેરસમજ દૂર થતાં સમજૂતી થઈ હતી અને મામલો શાંતિપૂર્ણ રીતે સમાપ્ત થયો હતો. પોલીસ તંત્રે પણ ભવિષ્યમાં તમામ સમાજના પ્રતિનિધિઓ સાથે સંકલન રાખી તહેવારોનું આયોજન સુચારુ રીતે થાય તે માટે પ્રયાસ કરવામાં આવશે તેવી ખાતરી આપી હોવાનુ જાણવા મળે છે.

## યુવતિએ નખ માર્યા અને ભાઈએ ઘરમાં ઘૂસી માર માર્યાનો આક્ષેપ

# કારેલીબાગમાં મકાન ખાલી કરાવવાના મુદ્દે બોલાચાલી, મહિલા પર હુમલો

**પોલીસે ભાઈ** અને બહેન સામે ગુનો નોંધ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં ભાડાનું મકાન ખાલી કરાવવાના મુદ્દે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. ભાઈ બહેન બંને ભેગા મળીને મહિલાને માર માર્યો હતો. જેની મહિલાએ ફરિયાદ નોંધાવતા કારેલીબાગ પોલીસે ભાઈ-બહેન સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. હ્યુમન હોપ ફાઉન્ડેશન એનજીઓના પ્રમુખના કહેવાથી પ્રિયલ મીનિલ સોની કારેલીબાગ સ્થિત ધનલક્ષ્મી સોસાયટીમાં આવેલુ ભાડાનું મકાન ખાલી કરાવવા ગયા હતા. તે દરમિયાન ત્યાં રહેતી સાહિબા ગુરબક્ષ અઠવાણીએ તેમની સાથે ગાળાગાળી કરી ઝઘડો કર્યો અને મનખ માર્યાનો આક્ષેપ છે. ત્યારબાદ સાહિબાએ પોતાના ભાઈ મનીષકુમાર દિલીપકુમાર રાજદેવને ફોન કરીને સ્થળ પર બોલાવ્યો હતો. આ મનીષકુમારે પરવાનગી વિના ઘરમાં પ્રવેશ કરી મહિલા સાથે બોલાચાલી ઝગડો કરી ગળા, પેટ અને માથાના ભાગે મુક્કા વડે માર માર્યો હતો. જેના પગલે મામલો વધુ ગરમાયો હતો.આ બનાવ અંગે કારેલીબાગ પોલીસ દ્વારા ભાઈ અને બહેન વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે રેગ્યુલર જામીન અરજી ફગાવી

# રૂપિયા ૨ લાખની લાંચ કેસમાં સાજીદઅલીના જામીન નામંજૂર

**લવ જેહાદ કેસમાં** કાર્યવાહી ન કરવા લાંચ તત્કાલીન પીઆઈ વતી લાંચ માંગી હતી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25
વડોદરા શહેર ACB પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.2 લાખની લાંચના કેસમાં પીઆઈ વતી લાંચ માગનાર આરોપી સાજીદઅલી ગુલામરસુલ સૈયદે રેગ્યુલર જામીન અરજી કરી હતી. જોકે ગુનાની ગંભીરતાને ધ્યાનમા રાખી આ જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરી દેવામાં આવી હતી. કોર્ટમાં રજૂ થયેલી હકીકત મુજબ 9 એપ્રિલ, 2026ના રોજ ઝઘડો થતાં યુવકને પાદરા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. તે દરમિયાન તેમની સામે લવ જેહાદનો ગુનો નોંધાઈ શકે તેવી વાત કહી આગળની કાયદેસરની કાર્યવાહી અટકાવવા માટે શરૂઆતમાં તત્કાલીન પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વતી આરોપીએ રૂ.6 લાખની માંગણી કરવામાં આવી હતી. બાદમાં રકઝકના અંતે રૂ. 2 લાખમાં સોદો નક્કી થયો હતો. યુવક લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો. એસીબીએ ટ્રેપ દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી રૂ.2 લાખની લાંચ સ્વીકારી હોવાનું અને મુખ્ય આરોપી સાથે વાતચીત કરીને રકમ મળી હોવાની ખાતરી થઈ હતી.કોર્ટે કેસની ગંભીરતા, તપાસ દરમિયાન એકત્ર થયેલા પુરાવા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓને ધ્યાનમાં રાખી આરોપી સાજીદઅલી ગુલામરસુલ સૈયદની રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી હતી.

સરકારી ફરજ બજાવતા અધિકારીના નામે લાંચની માંગણી કરીને કાયદાની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ ગંભીર ગુનો હોવાનું કોર્ટે નોંધ્યું હતું.

# વડોદરામાં ગરમીનો પ્રકોપ યથાવત, મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું

વડોદરાઃ શહેરમાં ઉનાળા જેવી ગરમીનો માહોલ યથાવત રહ્યો હતો. શુક્રવારે શહેરનું મહત્તમ તાપમાન 39.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 30.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. દિવસ દરમિયાન તીવ્ર તડકાને કારણે બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી. હવામાન વિભાગના આંકડા મુજબ સવારે હવામાં 63 ટકા ભેજ નોંધાયો હતો, જ્યારે સાંજે ભેજનું પ્રમાણ ઘટીને 37 ટકા રહ્યું હતું. ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવને કારણે લોકોને બફારાનો પણ અનુભવ થયો હતો. આરોગ્ય નિષ્ણાતોએ ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને લાંબા સમય સુધી બહાર રહેતા લોકોને પૂરતું પાણી પીવાની, સીધા તડકાથી બચવાની અને જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવાની સલાહ આપી છે. આગામી દિવસોમાં પણ શહેરમાં ગરમીનો માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## વોર્ડવિઝાર્ડ મેડીકેર પ્રા.લી.ના પૂર્વ CEO દ્વારા ઉચાપત કરાઈ હતી

# રૂા. ૨૮.૪૭ કરોડની ઉચાપત કેસમાં સંતોષકુમાર ગઢવીના જામીન નામંજૂર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
વડોદરાની વોર્ડવિઝાર્ડ મેડીકેર પ્રા.લી. કંપનીમાં અંદાજે રૂ. 28.47 કરોડની ઉચાપતના ચર્ચિત કેસમાં આરોપી ડૉ. સંતોષકુમાર હરી ગઢવીની નિયમિત જામીન અરજી દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. વોર્ડવિઝાર્ડ મેડીકેર પ્રા.લી.માં પૂર્વ CEO ડૉ. સંતોષકુમાર ગઢવીને કંપની દ્વારા સોંપવામાં આવેલા અધિકારોનો દુરુપયોગ કર્યો હતો. કંપનીના પેટી કેશમાંથી અંદાજે રૂ.2 લાખ અલગ-અલગ બહાના હેઠળ મેળવી તેનો કોઈ હિસાબ રજૂ કર્યો નહોતો. આ ઉપરાંત અંકોડિયા હોસ્પિટલ માટે કંપની દ્વારા ખરીદી આપવામાં આવેલા 55 ઈંચના ચાર સ્માર્ટ એલઈડી ટીવી હોસ્પિટલમાં પહોંચાડવાના બદલે અન્યત્ર સગેવગે કરી દેવાયા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. એપ્રિલ-2022થી જાન્યુઆરી-2025 દરમિયાન આરોપીએ બનાવટી દસ્તાવેજો અને ખોટા હિસાબો તૈયાર કરી, ખોટા નામે બેંક ખાતાં ખોલાવી, હલકી ગુણવત્તાના તેમજ રિફર્બિશ્ડ મેડિકલ સાધનોની ખરીદી બતાવી કંપનીમાંથી વધુ ચૂકવણીઓ કરાવી હતી. આ સમગ્ર કાવતરાથી અંદાજે રૂ.28.47 કરોડની ઉચાપત કરી કંપનીને મોટું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ કેસમાં એડિશનલ સેશન્સ જજે નોંધ્યું કે ગુનાની ગંભીરતા અને કેસની હકીકતોને ધ્યાનમાં રાખીને હાલના તબક્કે આરોપીને જામીન પર મુક્ત કરવો યોગ્ય નથી. તેથી આરોપી દ્વારા કરવામા આવેલી નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી.

જામીન અરજી દરમિયાન બચાવ પક્ષે દલીલ કરી હતી કે આરોપી લાંબા સમયથી ન્યાયિક કસ્ટડીમાં છે, તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી હોવાથી હવે તેની કસ્ટડીની જરૂર નથી. જોકે, સરકારી વકીલે અરજીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે આરોપી સામે ગંભીર આર્થિક ગુનાના પૂરતા દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ છે. તપાસ દરમિયાન મોટી સંખ્યામાં નાણાકીય વ્યવહારો, બેંક ખાતાઓ, ખરીદીના દસ્તાવેજો તેમજ કંપનીના હિસાબોની તપાસમાં ગેરરીતિઓ સામે આવી છે. આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો સાક્ષીઓ અથવા પુરાવા સાથે ચેડાં થવાની તેમજ કેસની સુનાવણીને અસર પહોંચાડવાની શક્યતા નકારી શકાય તેમ નથી. કોર્ટે બંને પક્ષોની દલીલો, તપાસ દરમિયાન એકત્ર થયેલા દસ્તાવેજી પુરાવા અને આર્થિક ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નોંધ્યું કે પ્રથમ દૃષ્ટિએ આરોપી સામે મજબૂત કેસ ઉભો થાય છે. તેથી હાલના તબક્કે નિયમિત જામીન આપવું યોગ્ય ન હોવાનું માની અરજી ફગાવી દેવામાં આવી હતી.

## વડોદરામાં કેન્સર સારવારને મળશે નવી દિશા

# સવિતા હોસ્પિટલમાં અદ્યતન કેન્સર વિભાગનું લોકાર્પણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
શહેરની સવિતા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં આજે નવા કેન્સર વિભાગનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બપોરે 12:45 કલાકે યોજાયેલા કાર્યક્રમમાં હોસ્પિટલના સંચાલન, તબીબો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. હોસ્પિટલ દ્વારા શરૂ કરાયેલા નવા કેન્સર વિભાગનો મુખ્ય હેતુ દર્દીઓને અદ્યતન ટેકનોલોજી આધારિત, ગુણવત્તાસભર અને સુલભ કેન્સર સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે.

આ વિભાગમાં દર્દીઓને નિદાનથી લઈને સારવાર સુધીની આધુનિક આરોગ્યસુવિધાઓ એક જ સ્થળે મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. હોસ્પિટલના સંચાલકોએ જણાવ્યું હતું કે કેન્સર અંગે લોકોમાં જાગૃતિ વધે અને દર્દીઓને સમયસર યોગ્ય સારવાર મળી રહે તે માટે મીડિયા મહત્વની ભૂમિકા ભજવી શકે છે.



આથી મીડિયા પ્રતિનિધિઓને પણ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ અંગે સવિતા હોસ્પિટલની ટીમના જણાવ્યા અનુસાર, આ નવી પહેલ સમાજને સમર્પિત છે અને કેન્સરના દર્દીઓને વધુ સારી, વિશ્વસનીય અને આધુનિક આરોગ્યસેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવી છે. આ વિભાગના પ્રારંભથી વડોદરા તેમજ આસપાસના વિસ્તારોના દર્દીઓને વિશેષ લાભ મળશે.

## QCFI વડોદરા ચેપ્ટર-2026માં ચાર્જઝોનને ગોલ્ડ એવોર્ડ

# બાયો-એસટીપી પહેલથી ઊર્જા બચત અને કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
ભારતના અગ્રણી EV ચાર્જિંગ નેટવર્ક ટેકસો ચાર્જઝોન લિમિટેડે QCFI વડોદરા ચેપ્ટર-2026માં યોજાયેલા કાઈઝેન, 7 મુડા, ફાઈવ્ઝ અને TQM/TPM કન્વેન્શનમાં પ્રતિષ્ઠિત ગોલ્ડ કેટેગરી એવોર્ડ હાંસલ કર્યો છે. 70થી વધુ સંસ્થાઓ વચ્ચે ચાર્જઝોને EV ચાર્જિંગ સ્ટેશનો પર બાયો-એસટીપી (બાયો-સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ)ના સફળ અમલીકરણ માટે આ સન્માન મેળવ્યું છે. કંપનીએ ચાર્જિંગ હબ પર કોમ્પેક્ટ અને ગ્રેવિટી આધારિત બાયો-એસટીપી સ્થાપિત કરીને ગંદા પાણીના સ્થળ પર જ શુદ્ધિકરણની વ્યવસ્થા વિકસાવી છે. હાલમાં બેંગલુરુ, હૈદરાબાદ, પોંડિચેરી અને આંધ્રપ્રદેશના છ સ્ટેશનો પર આ સિસ્ટમ કાર્યરત છે, જ્યારે અન્ય છ સ્ટેશનો પર તેનું કામ ચાલી રહ્યું છે. આ પહેલથી અત્યાર સુધી 7,100 kWhથી વધુ ઊર્જાની બચત થઈ છે, પરંપરાગત એસટીપીની સરખામણીએ




3થી 4 ગણી ઓછી વીજળી વપરાય છે અને દર વર્ષે પ્રતિ યુનિટ 2 ટનથી વધુ કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે. સ્થાપક અને સીઈઓ કાર્તિકેય હરિયાણીએ આ સિદ્ધિને ટીમની મહેનત અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પરિણામ ગણાવ્યું હતું. ડિરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું હતું કે ગોલ્ડ એવોર્ડ એ સાબિત કરે છે કે સતત સુધારો અને ટકાઉ વિકાસ ચાર્જઝોનના કાર્યના કેન્દ્રમાં છે. ટીમે આ સફળતા માટે ડિરેક્ટર રવિન્દ્ર મોહન, માર્ગદર્શક કૌશિક મોદી તથા સમગ્ર ટીમના યોગદાનને પણ બિરદાવ્યું હતું.

## હવામાન જોખમોની આગોતરી આગાહી કરાશે

# કૃષિમાં ટેકનો.અંગે વાઈબ્રન્ટ સમિટમાં સેમિનાર યોજાશે

**વડોદરાવાસીઓને** આ સમીટમાં ભાગ લેવા અનુરોધ કરાયો

**સરકારી પહેલોની** વિગતવાર જાણકારી મેળવવાનું એક ઉત્તમ માધ્યમ બનશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
વાઈબ્રન્ટ ગુજરાત રીજીયન સમીટ-૨૦૨૬' નું ભવ્ય આયોજન સંસ્કારી નગરી વડોદરા ખાતે કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ બપોરે ૧૪:૩૦ થી ૧૫:૩૦ કલાક દરમિયાન GSFC, વડોદરા ખાતેથી શુભારંભ થશે. કૃષિ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વિનિયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી આ સમીટમાં ખાસ સેમિનાર યોજાશે.

આ પ્રાદેશિક સમીટમાં ડીજીટલ કૃષી દેખરેખ અને રોગ જીવાત ઓળખ, રીમોટ સેન્સિંગ, IoT (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ) અને જીઓઈન્ટેલીન્સનો ઉપયોગ કરી AI આધારિત પાક દેખરેખ., સ્માર્ટ-ક્લાઈમેટ અને હવામાન આગાહી, AI આધારિત હવામાન જોખમોની આગોતરી આગાહી દ્વારા ખેતરની ઉત્પાદકતાનું રક્ષણ કરવું.
સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, AI શોધ ક્ષમતા દ્વારા સપ્લાય ચેઈનની અસ્થીરતાનું સચોટ સંચાલન.
સરકાર-ખેડુત ભાગીદારી, AI દ્વારા કૃષિ ક્ષેત્રમાં ધરમૂળથી પરિવર્તન લાવી સરકાર અને ખેડૂતો વચ્ચે સશક્ત ભાગીદારીનું નિર્માણ. આ સમીટ કૃષિ ક્ષેત્રના હિતધારકો, પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ પ્રેમીઓ માટે નવી તકો, આધુનિક ટેકનોલોજી અને સરકારી પહેલોની વિગતવાર જાણકારી મેળવવાનું એક ઉત્તમ માધ્યમ બનશે. વડોદરાવાસીઓને આ સમીટમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે.

## ઘણા નાના વેપારીઓ ચૂંટણી લડવા કે મતદાન કરવા માટે અયોગ્ય ઠર્યા

# નસવાડી APMC ચૂંટણીમાં નવા નિયમોથી વેપારીઓમાં નારાજગી

( પ્રતિનિધિ ) નસવાડી,તા.26
નસવાડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કુલ 14 સભ્યોનું બોર્ડ છે, જેમાં વેપારી વિભાગના 4, ખેતીવાડી વિભાગના 8 અને કોટન સેલના 2 સભ્યોનો સમાવેશ થાય છે. તાજેતરમાં, સરકારે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચૂંટણીની જાહેરાત કરી છે, જેમાં 9 સપ્ટેમ્બરના રોજ મતદાન થશે. આ ચૂંટણી માટે, જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા મતદાન યાદી બનાવવા માટે મંડળીઓના નામો, સભાસદો અને વેપારીઓના નામ માંગવામાં આવ્યા છે. હાલમાં, 23 જેટલા વેપારીઓ વેપારી લાઈસન્સ ધરાવે છે સરકારના નવા નિયમ મુજબ, ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે વેપારી પાસે ઓછામાં ઓછું 3 વર્ષનું ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ લાઈસન્સ હોવું જોઈએ અને દર વર્ષે 50,000 રૂપિયા સેસ ભર્યો હોવો જોઈએ. આ નિયમોને કારણે, નસવાડી તાલુકામાં ફક્ત બે વેપારીઓ જ આ શરતો પૂરી કરી શકે છે. અન્ય નાના વેપારીઓ, જેઓ આટલો મોટો સેસ ભરી શકતા નથી, તેઓ ચૂંટણી લડવા કે મતદાન કરવા માટે અયોગ્ય ઠર્યા છે આ નવા નિયમોથી નસવાડીના વેપારીઓમાં ભારે નારાજગી છે. તેમનું માનવું છે કે સરકાર વિચિત્ર નિયમો બનાવીને પોતાના મનપસંદ લોકોને એપીએમસીના ડિરેક્ટર બનાવવા માંગે છે. આ નિયમો નાના વેપારીઓના હિતોનું રક્ષણ કરતા નથી અને તેમને ચૂંટણી પ્રક્રિયામાંથી બાકાત રાખે છે .

જયારે સરકારે નવો નિયમ એક એવો પણ બનાવ્યો છે કે જે ખેડૂત મંડળીઓ છે અને અનાજ ખરીદતી હોય તેવી મંડળીઓમાં થી વેપારી પેનલમાં ચૂંટણી લડી શકે પરંતુ જિલ્લા રજીસ્ટાર વેપારી પેનલમાં મંડળીઓના મતદારો બનાવે ત્યારે નસવાડી તાલુકામાં આવીને ચકાસણી કરે આ જે ખેડૂત મંડળીઓ છે તેઓ વેપારીના હિતમાં આજ દિન સુધી કોઈપણ ખરીદી કરી નથી રાજકીય વર્ગ ધરાવતી મંડળીઓ માટે સેસ ફી ની મર્યાદા રાખવામાં આવતી નથી જેને લઈને સરકારે વેપારીઓને એપીએમસી સુધી જવાના દરવાજા બંધ કરી દીધા છે અને નવા નવા નિયમોથી વેપારીઓનું અહિત થઈ રહ્યું છે.

જયારે વેપારી વિભાગમાં બે વેપારી સેસ ફી ભરેલી છે અને બે જ મતદારો છે ત્યારે જિલ્લા રજીસ્ટાર પાછલા દરવાજે વેપારી પેનલની ચૂંટણીમાં મંડળીઓના મતદારો અને ઉમેદવાર ચૂંટણી લડે તે માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે હવે સરકારી કાગળ ઉપર ફક્ત બે જ વેપારી છે જેથી બીજા નાના નાના વેપારીઓમાં આવા નિયમોથી ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે વેપારીઓનો સાચો અવાજ અને સાચી સમસ્યા એપીએમસી સુધી પોહચાડવા માટે સરકાર અને જિલ્લા રજીસ્ટાર એપીએમસીની ચૂંટણી વેપારીઓને મતદાન કરવા ઉમેદવારી નોંધાવવા નાના નાના વેપારીઓનું પણ ધ્યાન રાખી નિયમો હળવા કરે તેવી માંગ ઉઠી છે